# યોદ્ધો ઈફતાહ અને દીકરી

## (ફાધર વર્ગીસ પોલ)

પોતાની પસંદ કરેલી ઈસાયલી પ્રજાને યોગ્ય રસ્તે દોરવામાં ઈશ્વર બધા જ પ્રકારના માણસોને પસંદ કરે છે. એમાં ગિદિયોનનો રખાતથી થયેલો અબીમેલખ હોય તો અહીં વેશ્યાનો પુત્ર ઈફતાહ પણ હોય છે. ગિલ્યાદને એક વેશ્યાથી થયેલો પુત્ર હતો ઈફતાહ. ગિલ્યાદને એની પત્નીથી પણ પુત્રો થયા હતા.

ગિલ્યાદ અને એની પત્નીના પુત્રો મોટા થયા ત્યારે તેમણે ઈફતાહને એમ કહીને કાઢી મૂક્યો કે, “અમારા બાપના વારસામાં તારે કશો ભાગ નથી, કારણ, તું પરસ્ત્રી દીકરો છે.” આતી ઈફતાહ તેના ભાઈઓથી ભાગીને ટોબના પ્રદેશમાં જઈને વસ્યો. ત્યાં કેટલાંક નકામાં માણસો તેની આસપાસ ભેગા થાય અને તેઓ બધા સાથે જ ફરતાં.

તે અરસામાં અમ્મોનીઓ ઈસાયલીઓ સામે યુદ્ધે ચડયા. પણ દુશ્મનો સામે લડવા માટે ઈસાયલીઓ પાસે કોઈ આગેવાન કે યોદ્ધો નહોતો. એટલે ઈસાયલીઓએ ટોબના પ્રદેશમાં જઈને ઈફતાહને કહ્યું, “ચાલ અને અમારો સેનાપતિ થા, જેથી અમે અમ્મોનીઓ સામે યુદ્ધ કરી શકીએ.”

પણ ઈફતાહે ગિલ્યાદ તરફથી પોતાને લેવા માટે આવેલા આગેવાનોને કહ્યું, “તમે તો મારો તિરસ્કાર કરીને મને મારા બાપના ધરમાંથી હાંકી કાઢયો હતો, હવે ભીંસમાં આવ્યો છો ત્યારે મારી પાસે શા માટે આવો છો?”

તેમણે કહ્યું “અમે અત્યારે પાછા તારી પાસે આવ્યા છીએ તેનું એ જ કાર છે. અમારી સાથે ચાલ, અમ્મોનીઓ સામે યુદ્ધ કર અને ગિલ્યાદના બધા લોકોનો નેતા થા.”

ઈફતાહે તેમને કહ્યું, “જો તમે મને અમ્મોનીઓ સામે લડવા માટે પાછો લઈ જતા હો અને જો પ્રભુ તેઓને મારા હાથમાં સોંપી દે, તો હું તમારો નેતા થાઉં, બરાબર ?”

તેમણે કહ્યું, “અમે પ્રભુની સાક્ષીએ કહીએ છીએ કે, અમે તારા કહેવા પ્રમાણે કરીશું,” ત્યાર પછી ઈફતાહ ગિલ્યાદના આગેવાનો સાથે ગયો અને લોકોએ તેને નેતા અને સેનાપતિ બનાવ્યો, અને ઈસાયલીઓએ જ્યાં છાવણી નાખી હતી ત્યાં મિસ્પામાં જઈને ઈફતાહે પ્રભુ સમક્ષ પોતાની બધી શરતો કહી સંભળાવી.

ઈફતાહે ઈસાયલી લોકોના સેનાપતિ તરીકેનો હોદ્દો સંભાળી લીધા બાદ રીતસર અમ્મોનીઓના રાજા ઉપર કાસદો દ્વારા પત્ર મોકલીને ઈસાયલીઓ ઉપર આક્રમણ કરવાનું કારણ પુછાવડાવ્યું કે, “તમારે અમારી સાથે શો ઝઘડો છે ? તમે અમારા દેશ ઉપર કેમ આક્રમણ કર્યું છે ?”

અમ્મોનીઓના રાજાએ ઈફતાહના કાસદોને જવાબ આપ્યો, “એનું કારણ એ છે કે ઈસાયલીઓ જયારે મિસરથી આવ્યા ત્યારે તેમણે એનોર્નથી માંડને યબ્બોક અને યર્દન નદી સુધીનો અમારો મુલક લઈ લીધો હતો. હવે મુલક સુલેહભરી રીતે અમને પાછો સોંપી દો.”

અમ્મોનીઓના રાજાના સંદેશના જવાબરૂપે ઈફતાહ કાસદો મારફતે મોકલેલો પત્ર આપણને તે જમાનાના આંતરરાષ્ટ્રીય વ્યવહાર અને મુત્સદગીરીનો સારો ખ્યાલ આપે છે.

ઈફતાહના સમયના લોકો માનતા હતા કે એમના દેવો જ એમનાં રાજ્યો સ્થાપવાનું અને એની સરદહો સાચવવાનું તેમજ રાજ્યો વચ્ચોના ઝઘડાઓ પતાવાનું કાર્ય કરતા. આવી માન્યતાને ધ્યાનમાં લઈને જ ઈસાયલીઓના પોતાના રાજ્યનો બચાવ કરતાં ઈફતાહ અમ્મોનીઓના રાજાને ત્રણ સચોટ કારણો બતાવે છે. એક, ઈસાયલના પરમેશ્વર પ્રભુએ અમ્મોનીઓના રાજા સિહોનને અને તેના આખા સૈન્યને હરાવીને તે આખો મુલક કબજે કર્યો છેઃ બે, ઈસાયલના પરમેશ્વર પ્રભુએ પોતાના લોકો ઈસાયલના પરમેશ્વર પ્રભુએ પોતાના લોકો ઈસાયલીઓને માટે અમ્મોરીઓનો મુલક લઈ લીધો હતો, અને ત્રણ, ત્રણસો વર્ષથી ઈસાયલીઓ એ બધા મુલકમાં રહેતા આવ્યા છે.

આવી બધી વાતો અમ્મોનીઓના રાજાને કહેવડાવીને ઈફતાહે એમને ચેતવી આપતા ઉમેર્યું, “મેં તમારું કંઈ બગાડયું નથી. બલ્કે તમે મારા ઉપર ચડાઈ કરીને મારું બગાડો છો. પ્રભુ ન્યાયાધીશ છે અને એ જ આજે ઈસાયલીઓ અને અમ્મોનીઓ વચ્ચે ન્યાય કરશે.” પણ અમ્મોનીઓના રાજાએ ઈફતાહે મોકલેલો સંદેશો ધ્યાન પર લીધો નહિ.

એટલે અમ્મોનીઓ સામે યુદ્ધ કરવા નીકળતાં ઈફતાહે પ્રભુની બાધા રાખી કે, “જો તું અમ્મોનીઓમે મારા હાથમાં સોંપી દેશે. તો હું અમ્મોનીઓ ઉપર વિજય મેળવીને પાછો ઘેર જાઉં ત્યારે જે કોઈ મારા ઘમાંથી મને મળવા પહેલું બહાર આવશે તેનો હું તને બલિ ધરાવીશ.”

ત્યાર પછી ઈફતાહે નદી ઓળંગી અમ્મોનીઓ ઉપર હુમલો કર્યો અને પ્રભુએ તેમને તેના હાથમાં સોંપી દીધા. તેણે તેમને અરોએરથી મિનિથ સુધીનાં વીસ શહેરોમાંથી મારી હઠાવી ઠેઠ આબેલ કરામીમ સુધી તેમનો ભારે પીછો કર્યો, આમ, ઈસાયલીઓ આગળ અમ્મોનીઓએ નમવું પડયું.

ત્યાર પછી ઈફતાહે નદી ઓળંગી અમ્મોનીઓ ઉપર હુમલો કર્યો અને પ્રભુએ તેમને તેના હાથમાં સોંપી દીધા, તેણે તેમને અરોએરથી મિથિન સુધીમાં વીસ શહેરોમાં મારી હઠાવી ઠેઠ આબેલ કરામીમ સુધી તેમનો ભારે પીછો કર્યો. આમ, ઈસાયલીઓ આગળ અમ્મોનીઓએ નમવું પડયું.

જ્યારે ઈફતાહ અમ્મોનીઓને હરાવીને વિજયવંત થઈને પાછો પોતાને ઘેર આવ્યો ત્યારે ખંજરી વગાડતા નાચતી-નાચતી તેની દીકરી જ તેને મળવા સામે આવી. એ તેની એકની એક દીકરી હતી. દીકરીને જોઈને ભારે દુઃખથી તેમણે પોતાનાં કપડાં ફાડી નાખ્યાં અને એને પોતાની બાધાની વાત કરી.

ઈફતાહના જમાનામાં આવી બાધા અને માનવ આહુતિનો રિવાજ હતો, એટલે એવું માની શકાય કે ઇફતાહે પોતાની બાધા મુજબ સાચી ભક્તિમાં પોતાની દીકરીની આહુતિ ચઢા હશે. ઈફતાહની બાધા અને અનું અમલીકરણ બતાવે છે કે ઈફતાહ અને એમના સમયના ઈસાયલીઓનો ધર્મ ખૂબ પ્રાચીન અને પ્રાકૃત છે.

અમ્મોનીઓ સામેના વિજય અને એફ્રાઈમના લોકો ગિલ્યાદના લોકો સામે લડવા આવ્યા. ઈફતાહે એફ્રાઈમના લોકોને સમજાવવાના પ્રયત્ન કર્યા પણ એફ્રાઈમના લોકોએ માન્યું નહિ, એટલે ગિલ્યાદના લોકોને ભેગા કર્યા અને એફ્રાઈમના લોકો સાથે યુદ્ધે ચડી તેમને હરાવ્યા.

એફ્રાઈમવાસીઓને ભાગી જતા રોકવા ગિલ્યાદીઓએ યર્દનના ઘાટો કબદે કરી લીધા અને જ્યારે કોઈ ભાગી આવેલો એફ્રાઈમી સામે પાર જવાની રજા માગતો ત્યારે ગિલ્યાદના માણસો તેને પૂછતા કે, “તું એફ્રાઈમી છે ?” અને જો તે એમ કહેતો કે “ના,” તો તેઓ તેને કહેતા કે બોલ, “શિબોલેથ.” પણ તે “સિબોલેથ” બોલતો, કારણ, તે એનો ચોખ્ખો ઉચ્ચાર કરી શકતો નહિ. એટલે તેઓ તેને પકડીને યર્દનના ઘાટ ઉપર મારી નાખતા. ગિલ્યાદના લોકો સામેની ચડાઈમાં બેતાળીસ હજાર એફ્રાઈમો માર્યા ગયા.

ગિલ્યાદના ઈફતાહે છ વરસ ઈસાયલનું કાજીપણું કર્યું. પછી તે મરણ પામ્યો અને તેને ગિલ્યાદમાં આવેલા તેના પોતાના શહેરમાં દફનાવવામાં આવ્યો.

બાઈબલના પંડિતો માને છે કે ઈફતાહની કથા બે ભિન્ન બનાવોની વાતોમાંથી ભેગી કરેલી છે.

(છેલ્લે બદલ્યાની તારીખઃ 01-10-2006)

(ફરી બદલવાની તારીખઃ 16-10-2006)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2006